નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના મહેકમની હંગામી જગ્યાઓ ચાલુ રાખવા બાબત

નિયામક વિકસતી જાતિ
કલ્યાણ, ગુ.રા., ગાંધીનગર
01 FEB 2022
શાખા :...............
ઈનવર્ડ નં.....૬૮૩.......

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-મકમ/૧૧૨૦૧૬/૪૧૬૭૭/અપા.ફા.)
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ૨૮/૦૧/૨૦૨૨

વંચાણે લીધાઃ-

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૯/૦૩/૨૦૨૧નો ઠરાવ ક્રમાંકઃ-મકમ/૧૧૨૦૧૬/૪૧૬૭૭/અ

૨. નિયામકશ્રી, વિ.જા.ક.ના તા.૧૩/૧૨/૨૦૨૧ના પત્ર ક્રમાંકઃવિજાક/મકમ/૨૦૨૧-૨૨/ભાગ-૮/૪૧૦૯

<u>પ્રસ્તાવના:</u>

વંચાણે લીધા ક્રમાંક (૧)માં દર્શાવેલ વિભાગના તા.૦૯/૦૩/૨૦૨૧ના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કૂલ ૯૯૩ જગ્યાઓ તા.૨૮/૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા ક્રમાંક (૨)માં દર્શાવેલ તા.૧૩/૧૨/૨૦૨૧ના પત્રથી નિયામાકશ્રી(વિ.જા.)એ ખાતાની કુલ-૯૮૮ જગ્યાઓની મુદત તા.૨૮/૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવા દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવઃ-</u>

વિચારણાના અંતે નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની વડી કચેરી, જિલ્લા કચેરીઓ, આદર્શ નિવાસી શાળા, સરકારી છાત્રાલય તથા ખાતા સંલગ્ન નિગમો ખાતેની દસ વર્ષીય ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ પત્રક-અ મુજબની જગ્યાઓ તથા ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ થયેલ નથી તેવી પત્રક-બ મુજબની જગ્યાઓ એમ કુલ-૯૮૬ જગ્યાઓ (૩૫૭ ભરાયેલ + ૬૨૯ ખાલી) ની મુદત તા.૨૮/૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. તેમજ આંકડા મદદનીશની ૦૨ જગ્યા એક વર્ષથી વધુ પરંતુ ત્રણ વર્ષ કરતાં ઓછા સમયથી ખાલી હોઈ, બે જગ્યાને એબેયન્સમાં મૂકવાની શરતે તા.૨૮/૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. આ મંજૂરી નીચેની શરતોની આધિન આપવામાં આવે છે.

<u>શરતો:</u>

(૧) ૧ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યા એબેયન્સમાં મુકવાની રહેશે.

(૨) એબેયન્સમાં મુકવામાં આવેલ જગ્યાઓ પર નિમણૂક આપતાં પહેલા નાણા વિભાગ (કરકસર પ્રભાગ)નો પરામર્શ કરી આ જગ્યાઓને એબેયન્સમાંથી મુક્ત કરાવી લેવાની રહેશે.

(3) ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યા રદ કરવાની રહેશે.

વહિવટ
31/1/22

(૪) રદ થયેલ જગાઓ પર નિમણૂક આપી શકાશે નહિ, આ જગાઓ માટે નવેસરથી નવી બાબતની મંજૂરી લેવાની રહેશે.

(૫) દસ વર્ષિય ભરતી કેલેન્ડરમાં સમાવેશ થયેલ ન હોય તેવી જગાઓ માટે ઉપરની ૦૪ શરતો લાગુ પડશે નહી.

(૬) ભરતી કેલેન્ડરમાં સમાવેશ થયેલ નથી, તેવી પત્રક-બ ની જગ્યાઓ પૈકીની ડ્રાઇવર તથા રસોયા વર્ગ-૪, પટાવાળા વર્ગ-૪, ચોકીદાર વર્ગ-૪ તથા વર્ગ.૪ ની જુદા જુદા સંવર્ગની ખાલી જગ્યાઓ પર હાલમાં ફરજ બજાવતા નિયમિત કર્મચારીઓ જેમ જેમ નિવૃત્ત થતા જાય તેમ તેમ ખાલી પડતી જગ્યાઓ રદ કરવાની રહેશે. આ જગ્યાઓની કામગીરી આઉટ સોર્સિંગથી કરાવવાની રહેશે.

(૭) આ જગાઓના પગાર ભથ્થાનો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

આ મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા સલાહકારશ્રી(સા.ન્યા)ની તા.૨૧/૦૧/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

બિડાણઃ- પત્રક-અ અને પત્રક-બ

(આઇ.એમ.ઘાંચી)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા) (નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર મારફતે).
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા.) સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી, વિ.જા.ક.,ગાંધીનગર મારફતે).
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર – વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- શાખા સિલેકટ ફાઈલ

પત્રક-અ

ઠરાવ નં.મકમ/૧૧૨૦૧૬/૪૧૬૭૭/અ (પા.ફા.), તા.૨૮/૦૧/૨૦૨૨નું બિડાણ: ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ થયેલ હોય તેવી જગ્યાઓ

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યા | ક્રમ | જગ્યાનું નામ | જગ્યા |
|---|---|---|---|---|---|
| (અ)વડી કચેરી | | | (બ) જિલ્લા કચેરીઓમા | | |
| ૧ | નાયબ નિયામક | ૩ | ૧ | નાયબ નિયામક | ૧૨ |
| ૨ | સમાજ કલ્યાણ અધિકારી | ૪ | ૨ | સમાજ કલ્યાણ અધિકારી | ૨૧ |
| ૩ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૫ | ૩ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૩૪ |
| ૪ | સમાજ કલ્યાણ નિરીક્ષક | ૭ | ૪ | સમાજ કલ્યાણ નિરીક્ષક(કચેરી) | ૭ |
| ૫ | સીનીયર કલાર્ક | ૮ | ૫ | સીનીયર કલાર્ક | ૨૦ |
| ૬ | જુનીયર કલાર્ક | ૮ | ૬ | જુનીયર કલાર્ક | ૩૮ |
| | કુલ | ૩૫ | ૭ | સમાજ કલ્યાણ નિરીક્ષક(તાલુકા કક્ષા) | ૧૪૧ |
| | | | ૮ | શીવણ સંચાલિકા | ૨૦ |
| | (ક)આદર્શ નિવાસી શાળાઓમાં | | | કુલ | ૨૯૩ |
| ૧ | આચાર્ય | ૨૮ | | | |
| ૨ | મદદનીશ શિક્ષક (માધ્યમિક) | ૨૨૦ | | (ડ)સરકારી છાત્રાલયોમાં | |
| ૩ | મદદનીશ શિક્ષક (ઉ.મા.) | ૨૩૧ | | | |
| ૪ | મદદનીશ સ.ક.અધિકારી | ૩૩ | ૧ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૬૬ |
| ૫ | જુનીયર કલાર્ક | ૨ | | કુલ | ૬૬ |
| | કુલ | ૫૧૪ | | | |
| | | | | (ઇ) સમરસ છાત્રાલય | |
| | (ફ) વિકસતી જાતિ કલ્યાણ સંલગ્ન નિગમોની કચેરી | | ૧ | સમાજ કલ્યાણ અધિકારી | ૪ |
| ૧ | મદદનીશ જિલ્લા મેનેજર | ૧૫ | ૨ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૫ |
| ૨ | જુનીયર કલાર્ક | ૧૫ | ૩ | જુનીયર કલાર્ક | ૬ |
| | કુલ | ૩૦ | | કુલ | ૧૫ |

(આઇ.એમ.ઘાંચી)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પત્રક-બ

ઠરાવ નં.મકમ/૧૧૨૦૧૬/૪૧૬૭૭/અ (પા.ફા.), તા.૨૮/૦૧/૨૦૨૨નું બિડાણ:

ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ થયેલ ન હોય તેવી જગ્યાઓની વિગત

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | મંજુર જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | ખાલી જગ્યાઓ પૈકી | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | એક વર્ષ સુધીની | એક વર્ષથી ત્રણ વર્ષ | ત્રણ વર્ષથી વધુ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | (અ) વડી કચેરી | | | | | | | |
| ૧ | નિયામક | વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | હિસાબી અધિકારી | વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | કાયદા સલાહકાર | વર્ગ-૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | સ્ટેનો ગ્રેડ-૧ | વર્ગ-૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | સ્ટેનો ગ્રેડ-૨ | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | સીનીયર ઓડીટર | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | ડેપ્યુટી ઓડીટર | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | સબ ઓડીટર | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | સંશોધન મદદનીશ | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | આંકડા મદદનીશ | વર્ગ-૩ | ૩ | ૧ | ૨ | ૦ | ૨ | ૦ |
| ૧૧ | પટાવાળા | વર્ગ-૪ | ૨ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ |
| | કુલ (અ) | | ૧૪ | ૧૧ | ૩ | ૧ | ૨ | ૦ |
| | (બ) જિલ્લા તથા તે હેઠળની કચેરીઓ | | | | | | | |
| ૧ | ડ્રાઇવર | વર્ગ-૩ | ૭ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | પટાવાળા | વર્ગ-૪ | ૫ | ૩ | ૨ | ૨ | ૦ | ૦ |
| ૩ | રસોયા | વર્ગ-૪ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | રસોડા કામદાર | વર્ગ-૪ | ૪ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | હમાલ | વર્ગ-૪ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | સફાઇ કામદાર | વર્ગ-૪ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | ચોકીદાર | વર્ગ-૪ | ૩ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ (બ) | | ૨૪ | ૨૨ | ૨ | ૨ | ૦ | ૦ |
| | કુલ (અ) + (બ) | | ૩૮ | ૩૩ | ૫ | ૩ | ૨ | ૦ |

(આઇ.એમ.ઘાંચી)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ